MEDICO INTERCONTINENTAL LTD.
(Formerly known as Intercontinental Leasing & Finance Company Limited)
CIN: L24100GJ1984PLC111413
**Reg. Office :** 501, Aditraj Arcade, Near Hetvi Tower, Opp. Titanium City Center, 100 Ft. ring road, Satellite, Ahmedabad -380015.

Date: 13th August, 2020

| | |
|---|---|
| Listing Compliances,<br>**BSE Limited,**<br>P. J. Towers,<br>Fort,<br>Mumbai - 400001.<br>**Scrip Code: 539938; Scrip Id: MIL** | Listing Compliances,<br>**CSE - India,**<br>7, Lyons Range, Dalhousie<br>Kolkata - 700001. |

**Subject: Public Notice for completion of dispatch of Notice of the 36th Annual General Meeting (AGM) and Annual Report 2019-20 along with corrigendum to Notice.**

Dear Sir/Ma'am,

In compliance with Reg. 30 and 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith the copy of the notice along with its corrigendum published in Gujarati newspaper on August 12, 2020.

The same will be made available on the Company's website www.medicointercontinental.com.

This is for your information and records.

Thanking You,

**FOR MEDICO INTERCONTINENTAL LIMITED**
*(formerly known as Intercontinental Leasing and Finance Company Limited)*

MEDICO INTERCONTINENTAL LIMITED AHMEDABAD

**Puneeta Sharma**
**Company Secretary & Compliance Officer**

**Godown Address :** 12 & 19/1a, Madhav Estate, Near IBP Petrol Pump, Forest Section-1, Aslali, Ahmedabad-382427.
Ph. No.: 079 – 26742739, Fax No. 079 – 26742740. Email ID – mail@medicointercontinental.com Website: www.medicointercontinental.com

# ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાં ૯૧,૩૯૨ કરોડ રૂપિયાનું રોકાણ જોવા મળ્યું

**પીટીઆઈ**

નવી દિલ્હી, તા.૧૧

મ્યુચ્યુઅલ ફંડ્સનું ધ્યાન નિયત-આવકની જામીનગીરીઓ પર કેન્દ્રીત થતા ટૂંકા સમયગાળાના ફંડ્સમાં વધારે પ્રમાણમાં ભંડોળ ફાળવવાની સાથે જુલાઈમાં રોકાણ ઉછળીને રૂપિયા ૯૧,૩૯૨ કરોડ થયું છે. ક્રેડિટ રિસ્ક ફંડ્સને બાદ કરતા તમામ વ્યક્તિગત કેટેગરીઓએ નિયત આવકની જામીનગીરીઓ અથવા ડેટ ફંડ્સમાં ભંડોળ ઠાલવ્યો છે, તેમ એસોશિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ (એએમએફઆઈ) તેના આંકડામાં જણાવ્યું હતું. હાલના વ્યાજદરના સિનેરિયોને ધ્યાનમાં રાખીને નિયત આવકની કેટેગરીમાં ટૂંકા સમયની પ્રોફાઈલમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પ્રાધાન્ય ક્રેડિટ ગુણવત્તા ભંડોળ, જેમા ખાસ કરીને મની માર્કેટ, શોર્ટ ડ્યુરેશન, કોર્પોરેટ બોન્ડ અને બેન્કિંગ તથા પીએસયુમાં રોકાણકારો સલામતીને પ્રાથમિકતા આપી ટ્રેક્શન મેળવવાનું ચાલુ રાખ્યું છે. માહિતીના અનુસાર, જુલાઈમાં મ્યુચ્યુઅલ ફંડ્સે (એમએફ) જૂનના રૂપિયા ૨,૮૬૨ કરોડ ઈનફ્લૉની તુલનાએ રૂપિયા ૯૧,૩૯૨ કરોડ ઈનફ્લૉ નોંધાવ્યો છે. મેમાં મ્યુચ્યુઅલ ફંડ ઈનફ્લૉ રૂપિયા ૬૩,૬૬૫ કરોડ અને એપ્રિલમાં રૂપિયા ૪૩,૪૩૧ કરોડ ઈનફ્લૉ જોવા મળ્યો હતો. આ ત્રિમાસિકગાળાના અંત સુધી આ વલણ ચાલુ રહેશે. જૂન ત્રિમાસિકગાળામાં નિયત આવક ફંડ્સના ફ્લોમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. લિક્વિડ ફંડ કેટેગરીમાં જંગી પ્રમાણમાં આઉટફ્લો જોવા મળ્યો હતો. લૉ ડ્યુરેશન કેટેગરી પછી લિક્વિડ ફંડ કેટેગરીનો જુલાઈમાં સૌથી વધારે ઈનફ્લૉમાં બીજો ક્રમ આવે છે, તેમ મોર્નિંગસ્ટાર ઈન્ડિયાના એસોશિએટ્સ ડિરેક્ટર હિમાંશુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું. એમકેય વેલ્થ મેનેજમેન્ટના રિસર્ચ હેડ જોશેફ થોમસે જણાવ્યું હતું કે, ડેટ ફંડ્સના નેટ ઈનફ્લૉ સારી વૃદ્ધિ જોવા મળી છે અને મોટાભાગનો ઈનફ્લૉ ટૂંકા ગાળાના ફંડમાં જોવા મળ્યો છે.

# એનસીડેક્સ ઊંઝા-રાજકોટ ડિલિવરી સેંટરો સાથે તલના વાયદા શરૂ કરશે

**એફઈ બ્યૂરો**

મુંબઈ, તા.૧૧

નેશનલ કોમોડિટી એન્ડ ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ (એનસીડેક્સ) ખાતે હાલમાં જ શરૂ થયેલા ઘઉંનાં ઓપ્શન્સ ઈન ગુડ્ઝના સોદા માટે તથા આગામી દિવસોમાં શરૂ થનારા સફેદ તલનાં વાયદા માટે રાજકોટની ડિલિવરી સેન્ટરો તરીકે પસંદગી કરવામાં આવી છે.

આ ઉપરાંત સફેદ તલનાં વાયદા માટે ઊંઝાને મુખ્ય ડિલિવરી સેન્ટર રાખવામાં આવ્યું છે.

એનસીડેક્સના એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડન્ટ અને હેડ પ્રોડક્ટ્સ તથા બિઝનેસ ડેવલપમેન્ટ, કપિલ દેવે કહ્યું હતું કે, કોમોડિટીનાં કારોબારમાં પરંપરાગત રીતે ગુજરાતનો દબદબો રહ્યો છે.

દાયકાઓ પહેલા સુરેન્દ્રનગર કપાસનાં વાયદાનાં ભાવ ઉપર આખા વિશ્વની નજર રહેતી હતી. આજે પણ એક્સચેન્જનાં કારોબારમાં ગુજરાત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેનો એનસીડેક્સને ગર્વ છે. ભારતનાં કૃષિ અર્થતંત્રમાં ગુજરાતનું યોગદાન અતિમહત્ત્વપૂર્ણ હોય છે. તેથી જ એનસીડેક્સ ખાતે રાજસ્થાન બાદ બીજા નંબરનાં સૌથી વધારે ડિલિવરી સેન્ટરો ગુજરાતમાં આવેલા છે. એનસીડેક્સ પર ચાલતા ચણા, એરંડા, ધાણા, જીરું, કપાસિયા ખોળ તથા કપાસ જેવી કોમોડિટીનાં વાયદામાં ગુજરાતનો નોંધપાત્ર કારોબાર રહ્યો હોવાનું કપિલ દેવે ઉમેર્યું હતું.

હવે એનસીડેક્સ ખાતે ઘઉંના ઓપ્શન ઈન ગુડ્ઝ સોદા શરૂ થયા છે જેમાં પણ રાજકોટનો વધારાના ડિલિવરી સેન્ટર તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

# એચડીએફસીએ ક્યુઆઇપી મારફતે ૧૦ હજાર કરોડની મૂડી ઉભી કરી

**પીટીઆઇ**

નવી દિલ્હી, તા.૧૧

હાઉસિંગ ફાયનાન્સ કંપની એચડીએફસી લિમિટેડે મંગળવારે જણાવ્યું હતું કે તેણે ક્વોલિફાઇડ ઇન્વેસ્ટર્સ કે જેમાં સિંગાપુર સરકાર અને ઇન્વેસ્કો ઓપ્પેનહેઇમર ડેવલપિંગ માર્કેટસ ફંડનો સમાવેશ થાય છે તેઓને શેરો ઇસ્યૂ કરીને રૂપિયા દસ હજાર કરોડની ઇક્વિટી કેપિટલ ઊભી કરી છે. આ ઉપરાંત, કોર્પોરેશને રૂપિયા ૩,૬૯૩ કરોડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ ઇસ્યૂ કરીને ઊભા કર્યા છે. તેણે ૧,૭૦,૫૭,૪૦૦ વોરન્ટ વોરન્ટદીઠ રૂપિયા ૧૮૦ ઇસ્યૂ ભાવથી ફાળવ્યા છે, જે કુલ લગભગ રૂપિયા ૩૦૭ કરોડ ક્યુઆઇપી ઇસ્યૂ હેઠળ થાય છે, તેમ નિયમનકારી ફાઇલિંગમાં જણાવાયું હતું. અમે તમને માહિતી આપવા ઇચ્છીએ છીએ કે કોર્પોરેશનની કમિટી ઓફ ડાયરેક્ટર્સરૂક્યુઆઇપી ૨૦૨૦ની ટીંગ આજે મળી હતી જેમાં આ ઇસ્યૂ સંબંધિત પાત્ર ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ ખરીદદારોને સિક્યુરિટીઝ ફાળવણીની મંજૂરી આપવામાં આવી છે, તેમ એચડીએફસીએ નિયમનકારી ફાઇલિંગમાં જણાવ્યું હતું. એચડીએફસીએ જણાવ્યું હતું.

## એક્સિસ બેંકે ક્યુઆઇબીને શેરો જારી કરીને રૂા.૧૦,૦૦૦ કરોડ ઉભા કર્યા

ખાનગી ક્ષેત્રની ધિરાણ બેંક-એક્સિસ બેંકે મંગળવારે જણાવ્યું હતું કે તેણે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઇબી)ને ઇક્વિટી શેરોની ફાળવણી મારફત રૂપિયા ૧૦ હજાર કરોડ ઊભા કર્યા છે. કોવિડ-૧૯ રોગચાળા વચ્ચે, કેટલીક ધિરાણ બેંકો તેઓની મૂડી વધારી રહી છે કારણ કે કોરોના કટોકટીના કારણે તેઓના સરવૈયા પર વિપરીત અસર પડવાની સંભાવના છે. વધારાની તરલતા તેઓને ઝડપથી નાણા ઊભા કરવામાં મદદ કરે છે. બેંકના ચીફ એક્ઝિક્યુટિવ અને મેનેજિંગ ડાયરેક્ટર અમિતાભ ચૌધરીએ જણાવ્યું હતું કે આ ઇસ્યૂ ૩.૫ ગણો ભરાઇ ગયો હતો અને વૈશ્વિક અને સ્થાનિક રોકાણકારો દ્વારા વિભિન્ન સેટની ૭૦થી વધુ બિડ મળી હતી.

### કોમોડિટી ડેરિવેટિવ્ઝ માર્કેટને ગહન બનાવવા માટે

# બોમ્બે સ્ટોક એક્સચેંજે બુલિયન ટ્રેડ એસોસિએશન્સ સાથે હાથ મિલાવ્યા

**પીટીઆઇ**

નવી દિલ્હી,તા.૧૧

દેશના અગ્રણી શેરબજાર - મુંબઇ શેરબજાર (બીએસઇ)એ મંગળવારે જણાવ્યું હતું કે તેણે બે બુલિયન ટ્રેડ એસોસિએશન સાથે કોમોડિટી ડેરિવેટિવ્ઝ બજારને ગહન બનાવવા માટે હાથ મિલાવ્યા છે.

બીએસઇએ અકોલા શરાફ એસોસિએશન અને અકોલા શરાફ વા સુવર્ણકાર યુવા સંઘ સાથે આ બાબતેના મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) કર્યા છે.



આવા એસોસિએશન્સ સોના-ચાંદીના છૂટક વેચાણ અને વેપાર કરતા સભ્યોનું પ્રતિનિધિત્વ કરે છે.

આ કરારનો હેતુ બીએસઇ અને ફિઝિકલ બજારો કે જેનું આ બે વેપાર સંસ્થાઓ પ્રતિનિધિત્વ કરે છે તેની વચ્ચે સહકાર જેવો કે જ્ઞાનની વહેંચણી, શિક્ષણ અને તાલિમ, ઇવેન્ટસ ઉપરાંત પરસ્પર હિતોના વિસ્તારને વધારવાનો છે કે જેથી જ્વેલર્સના શ્રેષ્ઠ હિતોની ખાતરી મળી રહે. બીએસઇએ જણાવ્યું હતું કે તેનું ધ્યેય સેમિનાર્સ અને લોકજાગૃતિ કાર્યક્રમો પ્રાઇસ રિસ્ક મેનેજમેન્ટ ફોર બુલિયન ટ્રેડર્સ અને જ્વેલર્સનું આયોજન કરી તેઓને વેપારના વધુ સંગઠિત પ્રકાર તરફ આગળ વધવામાં મદદ કરવાનું છે. અસરકારક હેજિંગ સાધનો જેવા કે ડેરિવેટિવ્ઝ કોન્ટ્રક્ટસ, ખાસ કરીને 'ઓપ્શન્સ ઇન ગૂડ્ઝ' વિશે જાગૃતિ વધારવાથી જ્વેલર્સ વોલેટાઇલ માર્કેટનો સામનો કરી શકશે, તે પણ પૂરી પાડવામાં આવશે, તેમ તેણે જણાવ્યું છે.

## મેડિકો ઇન્ટરકોન્ટીનેન્ટલ લીમીટેડ

(અગાઉ ઇન્ટરકોન્ટિનેન્ટલ લીઝીંગ એન્ડ ફાયનાન્સ કંપની લીમીટેડ તરીકે જાણીતી)

CIN : L24100GJ1984PLC111413

**રજીસ્ટર્ડ ઓફીસ:** ૧-૫મો માળ, અદિત રાજઆર્કેડ, કર્મા શ્રેષ્ઠા ટાવર પાસે, ૧૦૦ ફુટ રોડ, સેટેલાઇટ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫ **ફોન :** ૦૭૯ ૨૬૭૪૨૭૩૯

**ઇમેઇલ :** mail@medicointercontinental.com **વેબસાઇટ:** www.medicointercontinental.com

**૩૬મી વાર્ષિક સાધારણ સભા, રીમોટ ઇ-વોટીંગ અને બુક બંધ માહિતીની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે : -

૧. **મેડિકો ઇન્ટરકોન્ટીનેન્ટલ લીમીટેડ (અગાઉ ઇન્ટરકોન્ટીનેન્ટલ લીઝીંગ અને ફાયનાન્સ કંપની લીમીટેડ તરીકે જાણીતી)** ના સભ્યોની ૩૬મી વાર્ષિક સાધારણ સભા, એમસીએ સાધારણ પરિપત્ર નં.૧૪/૨૦૨૦, તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૦, એમસીએ સાધારણ પરિપત્ર નં. ૧૭/૨૦૨૦, તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦ અને એમસીએ સાધારણ પરિપત્ર નં.૨૦/૨૦૨૦, તારીખ ૦૫ મે, ૨૦૨૦ સાથે વંચાતી કંપની કાયદા ૨૦૧૩ ની લાગુ જોગવાઇઓના અનુપાલન અંતર્ગત વિડિયો કોન્ફરન્સીંગ (વીસી)/ અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (ઓએવીએમ) મારફત ૪ ઓગસ્ટ, ૨૦૨૦ની સભા નોટીસમાં જણાવેલ કાર્યો પાર પાડવા માટે ગુરૂવાર, ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ યોજાશે.

૨. એજીએમની નોટીસ અને નાણાંકિય વર્ષ ૨૦૨૦ ના વાર્ષિક અહેવાલની ઇલેક્ટ્રોનિક નકલો તમામ સભ્યો જેમના ઇમેઇલ આઇડી કંપની/ડિપોઝીટરી પાર્ટીશીપન્ટ(ટો) પાસે રજીસ્ટર્ડ છે તેમને મોકલવામાં આવેલ છે. આ દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.medicointercontinental.com પર પણ ઉપલબ્ધ છે. ઇલેક્ટ્રોનિક રીતે એજીએમ નોટીસની રવાનગી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ પુર્ણ કરવામાં આવી છે.

૩. કંપની (વ્યવસ્થાપન અને પ્રશાસન) નિયમો, ૨૦૧૪, સમયાનુસાર થયેલ સુધારાઓ મુજબના નિયમ ૨૦ સાથે વંચાતી એક્ટની કલમ ૧૦૮ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝ રીક્વાયરમેન્ટ્સ) નિયમનો,૨૦૧૫ ની જોગવાઇઓ મુજબ અને અંતર્ગત, કંપની સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ લીમીટેડ (સીડીએસએલ) ની ઇલેક્ટ્રોનિક વોટીંગ પ્રણાલી દ્વારા ૩૬મી એજીએમની નોટીસમાં જણાવેલ તમામ ઠરાવો પર સભ્યોને ઇલેક્ટ્રોનિક રીતે તેમના મત આપવાની સવલત આપવા માટે એજીએમ દરમિયાન રીમોટ ઇ-વોટીંગ અને ઇ-વોટીંગની સવલત પુરી પાડી રહી છે. એજીએમમાં રીમોટ ઇ-વોટીંગ અથવા ઇ-વોટીંગ દ્વારા ઇલેક્ટ્રોનિક માધ્યમોથી મત આપવાની લાયકાત નક્કી કરવાની કટ-ઓફ ડેટ ૨૮ મી ઓગસ્ટ, ૨૦૨૦ છે.

૪. તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કેઃ

એ. એજીએમની નોટીસમાં જણાવેલ કાર્યો ઇલેક્ટ્રોનિક માધ્યમોથી મતદાન દ્વારા પાર પાડવામાં આવશે.

બી. રીમોટ ઇ-વોટીંગ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૦ (સવારે ૯.૦૦ કલાકથી) શરૂ થશે.

સી. રીમોટ ઇ-વોટીંગ ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ (સાંજે ૫.૦૦ કલાકે) પુર્ણ થશે.

ડી. ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા અથવા એજીએમમાં મત આપવા માટેની લાયકાત નક્કી કરવાની કટ-ઓફ તારીખ ૨૮ ઓગસ્ટ, ૨૦૨૦ છે.

ઇ. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાક પછી ઇલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા ઇ-વોટીંગ માન્ય ગણાશે નહી.

એફ. કોઇપણ વ્યક્તિ એજીએમની નોટીસની રવાનગી પછી કંપનીના શેરો મેળવે છે અથવા કંપનીની સભ્ય બને છે અને કટ-ઓફ ડેટ એટલે કે ૨૮ ઓગસ્ટ,૨૦૨૦ ના રોજ શેરો ધરાવે છે તો તે વાર્ષિક સાધારમ સભામાં મત આપી શકે છે અને helpdesk.evoting@cdslindia.com પર વિનંતી મોકલીને લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી શકે છે. ઇ-વોટીંગની રીત અને પ્રક્રિયા માટે સભ્યો ૩૬મી એજીએમની નોટીસના નોંધ નં. ૨૫ માં જણાવેલ સુચનાઓને અનુસરી શકે છે.

જી. સભ્યોએ નોંધ લેવી કેઃ ૧) રીમોટ ઇ-વોટીંગ મોડલ ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ સાંજે ૫:૦૦ કલાક પછી સીડીએસએલ દ્વારા બંધ કરવામાં આવશે અને સભ્યએ એક વખત ઠરાવ પર મત આપ્યા પછી, ત્યારબાદ તેમાં ફેરફાર કરવાની પરવાનગી મળશે નહી. ૨) ઇ-વોટીંગની સવલત એજીએમમાં ઉપલબ્ધ રહેશે. ૩) એજીએમ પહેલા જે સભ્યોએ રીમોટ ઇ-વોટીંગથી તેમના મતો આપ્યા છે તેઓ પણ એજીએમમાં હાજરી આપી શકે છે, પરંતુ તેમનો મત ફરીથી આપવા હકદાર ગણાશે નહી. અને ૪) જે વ્યક્તિઓના નામ કટ-ઓફ ડેટના રોજ સભ્યોના નોંધણીપત્રક અને ડિપોઝીટરીઓ દ્વારા સંચાલિત લાભાર્થી માલિકોના નોંધણીપત્રકમાં નોંધાયેલ છે તેઓ જ રીમોટ ઇ-વોટીંગ અથવા ઇ-વોટીંગની સવલત મેળવવા હકદાર ગણાશે.

એચ. એજીએમની નોટીસ કંપનીની વેબસાઇટ www.medicointercontinental.com અને સીડીએસએલની વેબસાઇટ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે.

આઇ. ઇ-વોટીંગ સાથે સંકળાયેલ કોઇપણ પુછપરછ/ફરિયાદના કિસ્સામાં સંપર્ક કરવા વિનંતી છેઃ શ્રી રાકેશ દલવી, મનેજર, સીડીએસએલ, એવિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મીલ કંપાઉન્ડ્સ, એનએમ જોષી માર્ગ, લોઅપ પારેલ પુર્વ, મુંબઇ-૪૦૦૦૧૩, અથવા helpdesk.evoting@cdslindia.com પર ઇમેઇલ મોકલવો અથવા ૦૨૨-૨૩૦૫૮૫૪૨/૪૩ ઉપર કોલ કરવો.

૫. કંપનીના સભ્યોનું નોંધણીપત્રક અને શેર ટ્રાન્સફર બુક્સ ૨૯ ઓગસ્ટ, ૨૦૨૦ થી ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી (બંને દિવસો સહીત) બંધ રહેશે.

**મેડિકો ઇન્ટરકોન્ટીનેન્ટલ લીમીટેડ વતી**
**સહી/-**
**સ્થળ: અમદાવાદ** — **સમીર શાહ**
**તારીખ : ૧૦ ઓગસ્ટ, ૨૦૨૦** — **મેનેજિંગ ડાયરેક્ટર**

**સુધારો**

**૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ યોજાનાર વાર્ષિક સાધારણ સભાની તારીખ ૪ ઓગસ્ટ, ૨૦૨૦ ની નોટીસમાં સુધારો.**

તારીખ ૪ ઓગસ્ટ, ૨૦૨૦ની નોટીસનાં સબંધમાં, અમે કંપનીના તમામ સભ્યોને નોટીસમાં આપેલ નીચેની માહીતીઓ નીચે મુજબ વાંચવા વિનંતી કરીએ છીએ.

૧. નોટીસમાં જણાવેલ એલોટીસના નામ, જ્યાંજ્યાં દર્શાવેલ છે તેને સુધારીને નીચે મુજબ વાંચવા :

એ. વિમ્લેશ ચંપકલાલ ભંડારીને બદલે વિમલેશ ચંપકલાલ ભંડારી

બી. શિલ્પા વી.ભંડારીને બદલે શિલ્પાબેન વી.ભંડારી,

સી. જગદિશચંદ્ર શાહ (એચયુએફ)ને બદલે જગદિશચંદ્ર ડાહ્યાલાલ શાહ (એચયુએફ)

૨. નોટીસના ખુલાસા નિવેદનમાં, વિગત નં.૫ માં, એક્ટની લાગુ જોગવાઇઓ સાથે વંચાતા તેને લાગતા વળગતા નિયમો અને સેબી (એલસીડીઆર) નિયમનો અંતર્ગત કન્વર્ટીબલ વોરંટની જણાવેલ ઘોષણાને સબંધમાં જરૂરી આવશ્યક માહીતી અથવા વિગતોમાં નીચે મુજબ સુધારો કરાયો છે અને તદ્ અનુસાર નીચે મુજબ વાંચવાઃ

એ. મુદ્દા ૪માં- બીજા ફકરામાં, (.) પછી નીચેનું વાક્ય ઉમેરવુંઃ
સેબી (એલસીડીઆર) નિયમનો, ૨૦૧૮ ના નિયમન ૧૬૪બી મુજબ કિમંત નક્કી કરાઇ છે.

બી. મુદ્દા ૭ માં- (.) ૫ છી નીચેનું વાક્ય ઉમેરવુંઃ
પ્રમોટર્સ સિવાય કોઇપણ ડાયરેક્ટર્સ/મુખ્ય મેનેજરીયલ અધિકારીઓ ઓફરમાં ભાગ લઇ શકશે નહી.

સી. મુદ્દા નં. ૧૩ માં- મુદ્દા (૧)ની ૩ વાક્યમાં (૧) ''ના'' શબ્દ પછી અને ''માં'' શબ્દ પહેલા '' ફાળવણી'' ને બદલે ''ટ્રેડિંગ મંજુરી'' મુકીને વાંચવું.

ડી. મુદ્દા ૧૫માં - જણાવેલ એલોટીની ઓળખ, હાર નં. ૬, ''કુદરતી વ્યક્તિઓ જેઓ અંતિમ લાભાર્થી માલિકો છે'' નામની કોલમમાં જગદિશચંદ્ર શાહ (એચયુએફ) ની જગ્યાએ જગદિશ ડાહ્યાલાલ શાહ મુકીને વાંચવું.

**મેડિકો ઇન્ટરકોન્ટીનેન્ટલ લીમીટેડ વતી**
**સહી/-**
**સ્થળ: અમદાવાદ** — **સમીર શાહ**
**તારીખ : ૧૦ ઓગસ્ટ, ૨૦૨૦** — **મેનેજિંગ ડાયરેક્ટર**

## STERLING TOOLS LIMITED

Registered Office : UNIT NO. 515, DLF TOWER A, JASOLA DISTRICT CENTER, NEW DELHI-110025
Website :stlfasteners.com, Ph.: 0129-2270621, E-mail: csec@stlfasteners.com, CIN: L29222DL1979PLC009668

**EXTRACT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2020**

(Rs. in Lakh)

| Sl. No. | Particulars | Standalone | | | | Consolidated | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended | Quarter Ended | | | Year Ended |
| | | 30.06.2020 | 31.03.2020 | 30.06.2019 | 31.03.2020 | 30.06.2020 | 31.03.2020 | 30.06.2019 | 31.03.2020 |
| | | Unaudited | Unaudited | Unaudited | Audited | Unaudited | Unaudited | Unaudited | Audited |
| 1 | Total Income from Operations | 2,141.32 | 8,709.44 | 10,569.23 | 37,033.28 | 2,146.36 | 8,712.05 | 10,573.53 | 37,048.49 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (1,145.39) | 721.04 | 1,304.94 | 3,698.51 | (1,190.17) | 669.58 | 1,294.36 | 3,600.61 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (1,145.39) | 392.79 | 1,304.94 | 3,370.26 | (1,190.17) | 669.58 | 1,294.36 | 3,600.61 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (877.34) | 817.66 | 875.21 | 2,904.91 | (921.89) | 1,011.63 | 863.51 | 3,050.44 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (874.78) | 1,231.61 | 875.08 | 3,318.48 | (919.33) | 1,425.58 | 863.38 | 3,464.01 |
| 6 | Equity Share Capital(Face Value of Rs. 2/- each) | 720.48 | 720.48 | 720.48 | 720.48 | 720.48 | 720.48 | 720.48 | 720.48 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance sheet for the Financial Year ended on March 31, 2020. | | | | 30,149.95 | | | | 29925.44 |
| 8 | Earnings Per Share (Rs. 2/- each)- (for continuing and discontinued operations) | | | | | | | | |
| | Basic and Diluted: | (2.44) | 2.27 | 2.43 | 8.06 | (2.56) | 2.81 | 2.40 | 8.47 |

**Notes:**

The above is an extract of the detailed format of quarterly Audited/Unaudited Financial Results for the quarter Ended on June 30, 2020 filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The detailed format of the Financial Results of the company is available on the website of Bombay Stock Exchange Limited (BSE) (www.bseindia.com), National Stock Exchange of India Limited (NSE) (www.nseindia.com) and the Company (www.stlfasteners.com)."

**For and on behalf of the Board of Directors**
**Sd-**
**Anil Aggarwal**
**Chairman & Managing Director**
**DIN No.-00027214**

**Place: Faridabad**
**Date: 10th August, 2020**

## TAMBOLI CAPITAL LIMITED

Regd. Office: Mahavir Palace, 8A, Kalubha Road, Bhavnagar 364002
Telephone: (91) 886 654 1222 / (91) (278) 252 0065, Fax: (91) 278 252 0064
E-mail: direct1@tambolicapital.in Website: www.tambolicapital.in
CIN: L65993GJ2008PLC053613

**Extract of Un-audited Financial Results for the Quarter ended June 30, 2020** (₹ in Lacs)

| Sr. No. | Particulars | CONSOLIDATED | | | | STANDALONE | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended | Quarter Ended | | | Year Ended |
| | | 30.06.2020 Unaudited | 31.03.2020 Audited | 30.06.2019 Unaudited | 31.03.2020 Audited | 30.06.2020 Unaudited | 31.03.2020 Audited | 30.06.2019 Unaudited | 31.03.2020 Audited |
| 1. | Total income from Operations | 1075.68 | 1236.93 | 1297.38 | 5359.00 | 35.18 | 47.35 | 26.21 | 261.90 |
| 2. | Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 84.63 | (50.66) | 104.09 | 541.84 | 11.61 | 15.79 | 10.63 | 144.53 |
| 3. | Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 84.63 | (50.66) | 104.09 | 541.84 | 11.61 | 15.79 | 10.63 | 144.53 |
| 4. | Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 63.21 | (39.84) | 75.03 | 405.16 | 8.47 | 11.79 | 7.85 | 130.98 |
| 5. | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 61.04 | (47.18) | 75.07 | 397.95 | 8.47 | 11.79 | 7.85 | 130.98 |
| 6. | Equity share capital (Face value Rs. 10 each) | 992.00 | 992.00 | 992.00 | 992.00 | 992.00 | 992.00 | 992.00 | 992.00 |
| 7. | Other Equity (as shown in the balance sheet of previous accounting year ended) | | | | 6285.15 | | | | 551.37 |
| 8. | Earnings Per Share (of Rs. 10/Each (for continuing and discontinued operations) | | | | | | | | |
| | Basic | 0.64 | (0.40) | 0.76 | 4.08 | 0.09 | 0.12 | 0.08 | 1.32 |
| | Diluted | 0.64 | (0.40) | 0.76 | 4.08 | 0.09 | 0.12 | 0.08 | 1.32 |

**Note:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Financial Results are available on the Company's website www.tambolicapital.in and on the website of Bombay Stock exchange www.bseindia.com under scrip code number 533170.
2. This statement has been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) prescribed under Section 133 of the Companies, Act, 2013 and other recognised accounting practices and policies to the extent applicable.

**Date : 10.08.2020**
**Place: Ahmedabad**

ON BEHALF OF THE BOARD OF DIRECTORS
**Vaibhav B. Tamboli** Chairman and CEO